# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 05-08-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : TUESDAY** **National News**

## આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

****************************************************

1) ભારત અને ફિલિપાઈન્સ વચ્ચે 14 સમજૂતી કરાર પર હસ્તાક્ષર થયા
2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પહલગામ આતંકી હુમલાની આકરી ટિકા કરવા બદલ ફિલિપાઈન્સનો આભાર વ્યક્ત કર્યો
3) સંસદે મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસનનો સમયગાળો વધુ છ મહિના માટે વધારવાના પ્રસ્તાવને મંજૂરી આપી.
4) ઉત્તરાખંડના ઉત્તરકાશીમાં ભારે વરસાદના કારણે ખીરગંગામાં પૂર આવતા ધરાલિ બજાર સંપૂર્ણપણે નાશ પામ્યું
5) ભારતીય મુક્કેબાજ મહાસંઘે ચોથી સબ જૂનિયર અંડર 15 માટેની રાષ્ટ્રીય મુક્કેબાજી ચેમ્પિયનશીપની તારીખ જાહેર કરી

…………………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# REV INDIA PHILIPPINES MoU

ભારત અને ફિલિપાઈન્સ વચ્ચે આજે નવ સમજૂતી કરાર પર હસ્તાક્ષર થયા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ફિલિપાઈન્સના રાષ્ટ્રપ્રમુખ ફર્ડિ—નેન્ડ રોમુ—અલડેજ માર્કોઝ જૂનિયરની ઉપસ્થિતિમાં આ કરાર કરાયા. કરારમાં બંને દેશ વચ્ચે રાજદ્વારી ભાગીદારી, ગુનાહિત બાબતો, સંરક્ષણ, વિજ્ઞાન અને ટૅક્નોલૉજી સહિત અન્ય ક્ષેત્રમાં પરસ્પર કાનૂની સહાય સંધિ સામેલ છે.

માધ્યમો સાથે વાતચીત કરતા પ્રધાનમંત્રીએ કહ્યું, બંને દેશ પોતાના રાજદ્વારી સંબંધોની 75-મી વર્ષગાંઠ ઉજવી રહ્યા છે, તેવા સમયે ફિલિપાઈન્સના રાષ્ટ્રપ્રમુખના પ્રવાસનું વિશેષ મહત્વ છે. શ્રી મોદીએ પહલગામ આતંકી હુમલાની આકરી ટિકા કરવા અને આતંકવાદ સામેની લડાઈમાં ભારતને સાથ આપવા બદલ ફિલિપાઈન્સ સરકાર અને રાષ્ટ્રપ્રમુખનો આભાર વ્યક્ત કર્યો.

(BYTE: PM NARENDRA MODI)

શ્રી મોદીએ કહ્યું, વિકાસલક્ષી ભાગીદારી હેઠળ ભારત ફિલિપાઈન્સમાં તાત્કાલિક અસરની પરિયોજનાઓની સંખ્યા વધારશે. તેમણે ઉમેર્યું, ભારત ફિલિપાઈન્સમાં સૉવરન ડેટા ક્લાઉડ માળખાગત ઢાંચાના વિકાસમાં પણ સહકાર આપશે. શ્રી મોદીએ કહ્યું, બંને દેશ વચ્ચે દ્વિપક્ષીય વેપાર ત્રણ અબજ ડૉલરના આંકડાને પાર થઈ ગયો છે.

તેમણે ભારત—આશિયાન મુક્ત વેપાર સમજૂતીની સમીક્ષા ઝડપથી પૂર્ણ કરવાની તેમની પ્રાથમિકતા હશે તેમ પણ ઉમેર્યું.

ફિલિપાઈન્સના રાષ્ટ્રપ્રમુખ ફર્ડિ—નેન્ડ રોમુ—અલડેજ માર્કોઝ જૂનિયરે ભારત સરકારની મહેમાનગતિ બદલ આભાર વ્યક્ત કર્યો. તેમણે કહ્યું, ભારત અને ફિલિપાઈન્સ બંને સંરક્ષણ અને સુરક્ષા ક્ષેત્રમાં સહકાર વધારવા પર સંમત થયા છે. તેમણે ભારતના સ્વદેશી સંરક્ષણ ઉદ્યોગ સાથે ભાગીદારીમાં ચાલતા ફિલિપાઈન્સ સંરક્ષણ આધુનિકીકરણની ઝડપી ગતિ પર પણ સંતોષ વ્યક્ત કર્યો.

. . . . . . . . .

# MEA INDIA PHILIPPINES

ભારત અને ફિલિપાઈન્સ પરસ્પર સહકારને રાજદ્વારી ભાગીદારીમાં બદલવા સંમત થયા છે. નવી દિલ્હીમાં આજે વિદેશ મંત્રાલયના સચિવ પેરિયાસામી કુમારને કહ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ફિલિપાઈન્સના રાષ્ટ્રપ્રમુખે દ્વિપક્ષીય સંવાદમાં આધુનિક રાજદ્વારી ભાગીદારી હેઠળ સહકાર માટે વર્ષ 2025થી 2029 માટે કાર્ય-યોજનાને અંતિમ સ્વરૂપ આપ્યું છે.

શ્રી કુમારને કહ્યું, આગામી મહિનાઓમાં બંને દેશ વચ્ચે સીધી ઉડાન સેવા શરૂ થવાની સંભાવના છે. ભારતે ફિલિપાઈન્સના નાગરિકો માટે નિઃશુલ્ક ઈ-પર્યટક વિઝાની જાહેરાત કરી. જ્યારે ફિલિપાઈન્સે ભારતીય પર્યટકો માટે 14 દિવસ સુધી વિઝા-મુક્ત પ્રવેશની સુવિધા શરૂ કરી છે.

દ્વિપક્ષીય સંવાદ દરમિયાન બંને નેતાએ વધતા સંરક્ષણ સહકારને વધુ મજબૂત કરવા અંગે સંમતિ વ્યક્ત કરી. તેમણે દ્વિપક્ષીય વેપારમાં સતત વૃદ્ધિની પણ પ્રશંસા કરી.

. . . . . . . . .

# RS MANIPUR

સંસદે મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસનનો સમયગાળો 13 ઑગસ્ટ 2025થી આગામી છ મહિના માટે વધારવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે. રાજ્યસભાએ આ પ્રસ્તાવને ધ્વનિમતથી પસાર કર્યું. જ્યારે લોકસભામાં આ પ્રસ્તાવ ગયા સપ્તાહે મંજૂર થયો હતો.

કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી નિત્યાનન્દ રાયે રાષ્ટ્રપતિ શાસનનો સમયગાળો વધારવાના પ્રસ્તાવને ગૃહમાં રજૂ કર્યો. તેમણે કહ્યું, મણિપુરમાં 13 ફેબ્રુઆરી 2025ના રોજ રાષ્ટ્રપતિ શાસન લગાવાયું હતું. આ પ્રસ્તાવ પર ચર્ચાનો જવાબ આપતા શ્રી રાયે કહ્યું, રાષ્ટ્રપતિ શાસન લાગુ થયા બાદ રાજ્યમાં માત્ર એક જ હિંસક ઘટનામાં એક વ્યક્તિનું મોત થયું હતું. જ્યારે ગત ચાર મહિનામાં એક પણ મૃત્યુ નથી થયા.

શ્રી રાયે કહ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં મણિપુરના વિકાસ માટે અનેક પગલા લેવાયા છે. આ પહેલા બીજૂ જનતા દળના મુજીબુલ્લા ખાને ચર્ચામાં ભાગ લેતા મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસનના સમયગાળા વધારવા અંગે વિરોધ કર્યો.

.........

# REV UTTRAKHAND CLOUDBURST

ઉત્તરાખંડના ઉત્તરકાશી જિલ્લામાં ભારે વરસાદના કારણે ખીરગંગામાં પૂર આવતા ધરાલિ બજાર સંપૂર્ણપણે નાશ પામ્યું છે. જિલ્લા વહીવટી તંત્રએ જણાવ્યું, પ્રાકૃતિક આપત્તિમાં જાનમાલનું વ્યાપક નુકસાન થયું છે.

જિલ્લા મૅજિસ્ટ્રેટ પ્રશાંત આર્યએ કહ્યું, પ્રારંભિક માહિતીને આધારે ચાર લોકોના મોત થયાના અહેવાલ છે. તેમણે કહ્યું, તમામ સંબંધિત વિભાગને સાવચેત રખાયા છે. રાહત અને બચાવ કાર્ય પણ ઝડપી બનાવવાનો નિર્દેશ અપાયો છે.

**(BYTE: PRASHANT ARYA, DISTRICT MAGITSTRATE)**

મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ પણ આ ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું છે. રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ અસરગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે.  બીજી તરફ, ધરાલીમાં સ્થિતિને જોતા ઉત્તરકાશી જિલ્લા તંત્રએ હેલ્પલાઈન નંબર જાહેર કર્યો છે. આ નંબર છે 01374—222126, 01374—222722 અને 94565—56431.

. . . . . . . . . .

# SATYAPAL MALIK PASSES AWAY

જમ્મુ-કાશ્મીરના પૂર્વ રાજ્યપાલ સત્યપાલ મલિકનું આજે બપોરે ઓગણ-એંશી (79) વર્ષની વયે અવસાન થયું. લાંબા સમયથી બીમારીથી પીડાતા સ્વર્ગીય સત્યપાલ મલિકની નવી દિલ્હીના રામ મનોહર લોહિયા હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી હતી. તેમણે ગોઆ અને મેઘાલયના રાજ્યપાલ તરીકે પણ કામ કર્યું હતું.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિતના મહાનુભાવોએ તેમના અવસાન પર શોક વ્યક્ત કર્યો. રાષ્ટ્રપતિએ સોશિયલ મીડિયા સંદેશમાં તેમના પરિવાર અને સમર્થકો પ્રત્યે પોતાની સંવેદના વ્યક્ત કરી છે.

પ્રધાનમંત્રીએ સોશિયલ મીડિયા સંદેશમાં આ દુઃખના સમયે તેમની સંવેદના સ્વર્ગીય સત્યપાલ મલિકના પરિવાર અને સમર્થકો સાથે હોવાનું જણાવ્યું.

. . . . . . . . .

## SUB JUNIOR BOXING

ભારતીય મુક્કેબાજ મહાસંઘ- IBF-એ ચોથી સબ જૂનિયર અંડર 15 બાળકો અને બાળકીઓ માટેની રાષ્ટ્રીય મુક્કેબાજી ચેમ્પિયનશીપની તારીખોની જાહેરાત કરી.

ઉત્તરપ્રદેશના ગ્રેટર નોયડામાં સાતથી 13 ઑગસ્ટ સુધી આ સ્પર્ધા રમાશે, જેમાં 13થી 14 વર્ષની વયના 400 બાળકો અને 300 બાળકીઓ સહિત 700થી વધુ યુવા મુક્કેબાજ ભાગ લેશે. આ તમામ ખેલાડીઓ 15 વજન વર્ગમાં સ્પર્ધા કરશે.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં યોજાયેલી ઍશિયન અંડર 15 અને અંડર 17 ચેમ્પિયનશીપમાં ભારતીય મુક્કેબાજોએ 43 ચંદ્રક જીત્યા હતા.

. . . . . . . . .

## LOKSABHA GOA BILL

લોકસભામાં આજે ગોઆ વિધાનસભા ક્ષેત્રમાં અનુસૂચિત જનજાતિઓના પ્રતિનિધિત્વનું પુનર્ગઠન ખરડો 2024 પસાર થયો.

ખરડાનો ઉદ્દેશ અનુસૂચિત જનજાતિઓના સભ્યોની અસરકારક લોકશાહી ભાગીદારી માટે બેઠકોનું અનામત સુનિશ્ચિત કરવાનો અને ગોઆ વિધાનસભા બેઠકોનું પુનર્ગઠન કરવાનો છે.

કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રી અર્જૂનરામ મેઘવાલે કહ્યું, ગોઆમાં અનુસૂચિત જનજાતિઓની વસતિ વર્ષ 2001માં 566 હતી. તે હવે વધીને અંદાજે એક લાખ 49 હજાર થઈ છે. શ્રી મેઘવાલે કહ્યું, પહેલા માત્ર અનુસૂચિત જાતિ માટે અનામત હતું, પરંતુ અનુસૂચિત જનજાતિ સમુદાયની વસતિ વધવાથી વિધાનસભામાં તેમને અનામત આપવું આવશ્યક થઈ ગયું છે.

. . . . . . . . . .

# DJOKOVIC CINCINNATI OPEN

જાણિતા ટૅનિસ ખેલાડી નોવાક જોકોવિચે "સિનસિનાટી ઑપન"માંથી પોતાનું નામ પરત લઈ લીધું છે. આયોજકોએ જણાવ્યું, જુલાઈ મહિનામાં વિમ્બલડનના સેમિ-ફાઈનલમાં પરાજય બાદ જોકોવિચ પહેલી વાર કોઈ ટૂર્નામૅન્ટ રમવાના હતા.

તેમણે બિન-તબીબી કારણ આપીને પોતાનું નામ પરત લીધું છે. જોકોવિચ હવે સંયુક્ત રાજ્ય અમેરિકામાં રમશે. આ સ્પર્ધામાં મુખ્ય ડ્રૉ મુકાબલો આગામી 24 ઑગસ્ટથી શરૂ થશે.

. . . . . . . . . .

# MURUGAN - CONFERENCE

માહિતી અને પ્રસારણ રાજ્યમંત્રી ડૉ. એલ. મુરુગને કહ્યું, આધુનિક, સમાવેશક અને માધ્યમો તથા મનોરંજનના કાર્યક્ષમ માળખાના નિર્માણમાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની મુખ્ય ભૂમિકા છે. નવી દિલ્હીમાં આજે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના માહિતી અને જનસંપર્ક સચિવોના રાષ્ટ્રીય પરિષદના ઉદ્ઘાટન પ્રસંગે શ્રી મુરુગને આ વાત કહી. તેમણે કહ્યું, પ્રેસ સેવા પોર્ટલ, ઇન્ડિયા સિને હબ, ઇન્ટરનેશનલ ફિલ્મ ફૅસ્ટિવલ, વેવ્ઝ બજાર અને વેવ શિખર સંમેલન જેવી પહેલથી મોટા ફેરફાર આવ્યા છે.

દરમિયાન, માહિતી અને પ્રસારણ સચિવ સંજય જાજૂએ કહ્યું, તાજેતરમાં ભારતમાં સામગ્રી નિર્માણમાં વૃદ્ધિ થઈ છે. તેમણે કહ્યું, પ્રાદેશિક અને ક્ષેત્રીય માધ્યમોના વિસ્તરણથી નવી તક મળી છે, પરંતુ તેણે જનસંચાર માટે નવા પડકારનું પણ સર્જન કર્યું છે.

. . . . . . . . .